
અર્હદ્
પ્રેરણા
પત્ર
❖ વર્ષ : 32 ❖ અંક : 10 ❖ S.No. : 486
❖ તા.16-1-2026 ❖ જાન્યુઆરી
છૂટક નકલ : રૂા. 6/-



॥ મૂલનાયક શ્રી મુનિસુવ્રત સ્વામિને નમઃ॥ ॥ શાસનપતિ શ્રી મહાવીરસ્વામિને નમઃ ॥
॥ શ્રી પ્રેમ-ભુવનભાનુ-જયઘોષ-રાજેન્દ્ર- હેમરત્નસૂરિ સદ્ગુરુભ્યો નમઃ ॥
કુદરતની ખોળે, સોળે કળાએ ખીલેલ... શ્રી મણીલક્ષ્મી તીર્થે...
આત્મ ઉન્નતિકારક
UPDHAN TAP
A Journey Towards Real Happiness
પ્રથમ પ્રવેશ
1 May 2026
શુક્રવાર
દ્વિતીય પ્રવેશ
3 May 2026
રવિવાર
પ્રથમ માળારોપણ
31 May 2026
રવિવાર
દ્વિતીય માળારોપણ
19 June 2026
શુક્રવાર
Age limit: 8 to 60 years
Scan For Online Registration
...પુણ્યનિશ્રા...
યુવાહૃદયસમ્રાટ, માનસ મંદિર તીર્થ પ્રેરક, જૈન એલર્ટ ગ્રુપ સ્થાપક
પ. પૂ. આ. શ્રી હેમરત્નસૂરીશ્વરજી મહારાજના
શિષ્યરત્ન ૯૯મી ઓળીના તપસ્વી પ.પૂ. ગણિશ્રી યુગરત્ન વિ.મ.સા. તથા ૯૯ મી ઓળીના
તપસ્વીરત્ન, યુવા પ્રવચનકાર પ.પૂ. મુનિ શ્રી યશોજયરત્ન વિ.મ.સા. આદિ ઠાણા
શ્રમણી ગણનાયક પ.પૂ.આ. શ્રી રશ્મિરત્નસૂરીશ્વરજી મહારાજાના આજ્ઞાવર્તી સ્વાધ્યાયપ્રેમી
પ.પૂ. સાધ્વીજી શ્રી દીક્ષિતરેખાશ્રીજી મ.સા. આદિ ઠાણા-૧૨
TheKsGraphic 9512468219
Inquiry (સંપર્ક)
Henal bhai: 9427387070 | Prince Bhai: 9869481384

તં દેવદેવ મહિઅં સિરસા વંદે મહાવીરમ્

અર્હદ્ પ્રેરણા પત્ર

વર્ષ : 32 ❖ અંક : 10
S.No. : 486 ❖ વિ.સં.2082
તા.16-1-2026 ❖ જાન્યુઆરી

: માલિક :
**અર્હદ્ ધર્મ પ્રભાવક ટ્રસ્ટ**
૧૭, ઈલોરા પાર્ક, જૈન દહેરાસરની સામે,
નારણપુરા ચાર રસ્તા, અમદાવાદ-૧૩.
ફોન : 079-2768 1317

430, પંચરત્ન બીલ્ડીંગ, ૨જે માળે,
એમ.પી.માર્ગ, ઑપેરા હાઉસ, મુંબઈ - 4.
ફોન : 022-23631564, 23808621
(M) 93225 14188 (Time : 12 to 5)
manasmandirtrust@gmail.com
www.shreejainalertgroup.org

તંત્રી–મુદ્રક–પ્રકાશક
**કલ્પેશભાઈ વિ. શાહ**
અમદાવાદ

ટાઈપ સેટીંગ
**સમ્યક્ ડીઝાઈન એન્ડ પ્રિન્ટ**
અમદાવાદ

મુદ્રક
સર્વોદય ઓફસેટ
અમદાવાદ
મો. : 98245 15514

આજીવન લવાજમ : રૂા. ૫૦૦/–
છૂટક નકલ : રૂા. ૬/–

॥ શ્રી પ્રેમ-ભુવનભાનુ-જયઘોષ-રાજેન્દ્ર-હેમરત્નસૂરીશ્વરેભ્યો નમઃ ॥

**યુવાનોના ઉત્કર્ષ કાજે યુવાનો વડે ચાલતું મેગેઝીન**

**દિવ્યકૃપા : યુવાહૃદયસમ્રાટ્ સ્વ.પૂજ્ય આચાર્ય શ્રી હેમરત્નસૂરીશ્વરજી મહારાજા**

**લેખક : પ.પૂ.પં.શ્રી હૃદયરત્ન વિ.ગણિ**





## પ્રાર્થના

હે પરમગુરુ પરમાત્મા ! જન્મ્યા પછી સોનાના પારણે ઝૂલ્યો, રત્નના ઘુઘરે રમ્યો, પાણી માંગ્યું તો કઢાયા દૂધ મળ્યા હતા. મોટો થતાં કરોડોનો કારોબાર હાથમાં આવ્યો, અનેક મિત્રો ભ્રમરની જેમ આજુ બાજુ ઘૂમવા લાગ્યા, જાણે હું મારી જાતને સમ્રાટ્ માનવા લાગ્યો.

પણ, પ્રભુ એક દિવસ પાપના ભયાનક વાવાઝોડાએ બધું તહસ નહસ કરી નાંખ્યું. હે દીનાનાથ ! સાંભળ્યું છે, કે તું ભાંગ્યાનો ભેરૂ છે, અનાથનો નાથ છે. નિષ્કારણબંધુ છે. હું તારો ગુનેગાર છું, અપરાધી છું. પ્રભુ ! મારા ગુના તું માફ કર. હું બે હાથ જોડી મારા ગુના કબુલ કરી માફી માંગું છું. તને ક્યારેય યાદ ન કર્યો અને હવે ફરિયાદ કરવા આવ્યો છું. તું ક્ષમાનો મેરુ છે, મને માફ કરજે. તું પણ જો મને તરછોડીશ તો તારી પ્રભુતાનું શું ? તારે મને તારવો જ પડશે ! કારણ તું જ આ જગતમાં તારકનું બિરૂદ લઈને બેઠો છે. તું જ મારો પિતા છે. તું જ ભ્રાતા, તું જ માલિક છે. બીજે જાઉં પણ ક્યાં ? તારા આ સેવક ઉપર દયા કર દયાળુ... બસ તારા ચરણે મને રહેવા દે, આજ નહીં ભવોભવ તારા ચરણોની સેવા કરવાનો એક ચાન્સ આપ પછી ક્યારેય ફરિયાદ નહીં કરું બસ !

## સંવેદના

જ્ઞાન (સમ્યગ્) દીપક છે, જ્ઞાન જ આત્મા છે. અજ્ઞાનનો અંધકાર દૂર કરનાર એક માત્ર જ્ઞાન છે.

જ્ઞાન જો પાણી છે તો પરબો પાઠશાળાઓ છે. તેમાં જ્ઞાન સાથે ક્રિયાનો સમન્વય થાય છે. જ્ઞાન ક્રિયાનું પ્રકાશક છે તો ક્રિયા જ્ઞાનને આત્મામાં પરિણત કરવાનું શકવર્તી કાર્ય કરે છે અને લખી રાખો કે પરિણત જ્ઞાન જ સાચું જ્ઞાન છે. બાકીનું માહિતી જ્ઞાન છે.

ક્રિયાનું સાતત્ય આત્મામાં તેવા સંસ્કારોનું નિર્માણ કરે છે અને ધર્મસંસ્કાર જ સંસારના ચક્રને તોડવાનું મહત્ત્વપૂર્ણ શસ્ત્ર છે. જ્ઞાન શક્તિ છે, ક્રિયા શસ્ત્ર છે. બન્ને મળીને સંસારરૂપી વૃક્ષને ખતમ કરી શકે છે, કોઈ એક નહીં.

આ બન્નેનો સંયોગ જૈન પાઠશાળામાં થાય છે. પ્રત્યેક જૈનોએ જૈનધર્મનું જ્ઞાન મેળવવું જોઈએ અને પોતાના બાળકોને જૈનધર્મનું જ્ઞાન ફરજીયાત આપવું જોઈએ. નહીંતર ભાવિમાં જૈન ધર્મ જ નાશ થઈ જશે તેનું કલંક કોના માથે ? બુદ્ધિશાળી જૈન પ્રજા જ જો પોતાના બહુમૂલ્ય ધર્મને ગુમાવી નાશવંત સંપત્તિ મેળવીને આનંદ માણે તે તેને શોભતું નથી. પ્રત્યેક જૈને સાચા જૈન બની ધર્મને પરંપરામાં આગળ વધારવો એ દરેકનું પરમ કર્તવ્ય છે.



**હેમસૂત્ર** **ઉચિત કે અનુચિત વધુ પડતી અપેક્ષાઓ કે ઈચ્છાઓથી જીવનના સત્ત્વનો હ્રાસ અને પછી નાશ થાય છે.**

મન્નહ(ઈ) જિણાણં સજ્ઝાય પર આધારિત...

# મારું જીવન અંજલિ થાજો

## ઉપશમ - વિવેક - સંવર - ૯
26 27 28

### સંવર

સંવર એ નવતત્ત્વોમાંનું ૮મું તત્ત્વ છે. તેના પહેલાંનું ૭મું તત્ત્વ તે આશ્રવ છે. આ આશ્રવ એટલે આત્મામાં કર્મોનું આવવું તે આશ્રવ છે અને આ કર્મોને આવતા અટકાવવા તેને સંવર કહેવાય છે.

જેમ કે, ક્રોધ કર્યો એટલે આત્મામાં કર્મો બંધાવાના શરૂ થયા. આને અશુભકર્મોનો આશ્રવ ચાલુ થયો તેમ કહેવાય. તે રીતે ભગવાન આગળ સ્તુતિ બોલવાની ચાલુ કરી આ ક્રિયાથી આત્મામાં કર્મો આવવાના શરૂ થયા. પરંતુ આ કર્મો શુભ (પુણ્યકર્મો) છે. એટલે આને શુભાશ્રવ કહેવાય. ટૂંકમાં શુભ (પુણ્ય) કે અશુભ (પાપ) કર્મો જે આત્મા ઉપર આવી બંધાવાના ચાલુ થાય તેને આશ્રવ કહેવાય.

હવે, શુભ આશ્રવથી તો પુણ્ય બંધાય છે તેને અટકાવવાની જરૂર નથી, તે તો જરૂરી છે. પરંતુ પાપક્રિયા કરવાથી અશુભ (પાપ) આશ્રવ થાય તે તો અટકાવવો જ જોઈએ, કારણ કે તેનાથી પાપકર્મો બંધાય છે. જેનાથી ભાવિમાં દુઃખો અને દુર્ગતિઓ ભોગવવી પડે. આ પાપકર્મો અટકાવવા તેને સંવર કહેવાય છે. એટલે યોગશાસ્ત્રમાં લખ્યું,

**સર્વેષામાશ્રવાણાં તુ,**
**નિરોધઃ સંવરઃ સ્મૃતઃ ॥૪-૭॥**

બધા જ આશ્રવનો નિરોધ તે સંવર કહ્યો છે. તે બે પ્રકારે છે. (૧) દ્રવ્યસંવર અને (૨) ભાવસંવર.

**યઃ કર્મપુદ્ગલાદાન-ચ્છેદઃ સ દ્રવ્યસંવરઃ ।** જે કર્મપુદ્ગલોને આત્મામાં આવતા અટકાવવા તે દ્રવ્યસંવર છે.

**ભવહેતુક્રિયા-ત્યાગઃ, સ પુનર્ભાવસંવરઃ ॥૪-૮૦॥**

ભવનો હેતુ એવી ક્રિયાનો (પાપક્રિયાનો) ત્યાગ કરવો તે ભાવસંવર છે.

જેમ કે, ક્રોધને અટકાવવા 'ક્ષમા'નો ઉપયોગ કરવો તે ભાવસંવર. એમ નમ્રતાથી માનનો ત્યાગ કરવો, સરળતા લાવી માયાનો ત્યાગ કરવો અને સંતોષ લાવી લોભનો ત્યાગ કરવો આ બધા ભાવસંવર છે. આ દરેકને કર્તવ્ય તરીકે બતાવ્યું. જો, તમે સંવરક્રિયાનો ઉપાય ન કરો તો કર્મ બંધાયા જ કરે અંતે જીવને ભારેકર્મી બનાવી દુર્ગતિમાં નાંખે છે.

શાસ્ત્રમાં સંવર કરવાના કુલ ૫૭ ભેદ (પ્રકાર) બતાવ્યા છે. જેમ કે, ૫ સમિતિના પાલનથી કર્મો અટકે, ૩ ગુપ્તિના પાલનથી, ૨૨ પ્રકારના પરિસહો કહ્યા છે તેને સહન કરવાથી, ૧૦ પ્રકારના યતિધર્મનું પાલન કરવાથી, ૧૨ પ્રકારની ભાવનાના ચિંતન-મનન અને ઉપાય કરવાથી છેલ્લે ૫ પ્રકારના ચારિત્રનું પાલન કરવાથી આત્મામાં આવતા કર્મો અટકે છે.

હોડીમાં કાણું પડે અને પાણી આવવા લાગે તો પહેલું કામ કાણાં બંધ કરવાનું છે. પછી આવેલા પાણીને ઉલેચી ખાલી કરવાનું છે. જો કાણાં જ બંધ ન કરો અને માત્ર ઉલેચ્યા જ કરો તો હોડી ક્યારેય ખાલી થશે નહીં ઊલટું કાણાં મોટા થઈ જતાં પાણી ધોધમાર આવવાનું ચાલુ થશે ત્યારે તમે કેટલું ઉલેચી શકવાના. થાકી જશો અને હોડી ડૂબી જવાની. બધાય જલશરણ થશે. કાણાં બંધ કરવાની ક્રિયા તે સંવર છે.

માણસે દિવસ-રાત થતી પોતાની પ્રવૃત્તિ ઉપર ચેકિંગ મૂકવું જોઈએ. પ્રવૃત્તિઓ બે પ્રકારે હોય છે.

(૧) આત્માનું હિત કરનારી.

(૨) આત્માનું અહિત કરનારી.

તમે જે પ્રવૃત્તિ કરો છો તેમાં આત્માને હિત કરનારી પ્રવૃત્તિઓ છે તે સતત ચાલુ રહે, તેમાં ખાડા ન પડે, વળી



તેમાં અંતરાયો ન આવે અને આવે તો તેના ઉપાયો કરી સેટીંગ કરતાં રહેવું જેથી આત્માનું હિત થાય.

જ્યારે બીજી જે પ્રવૃત્તિઓ છે તેમાં બે વિભાગ - જરૂરી અને બિનજરૂરી.

**સંસાર લઈને બેઠા છો એટલે ઘર ચલાવવું પડશે, ધંધા વગેરે કરવા પડશે. તેમ છતાં તેમાં જે બિનજરૂરી પ્રવૃત્તિઓ સજ્જન અને ડાહ્યા માણસે કરવી યોગ્ય નથી. હા ! તેમાં કદાચ ક્ષણનો આનંદ મળતો હશે પરંતુ તેનાથી ટનનો દંડ થતો હોય, નુક્સાન અધિક હોય તેવી પ્રવૃત્તિઓ ચલાવવી તે મૂઢતા કહેવાય, મહામોહ કહેવાય ! શાસ્ત્રમાં તેને અનર્થદંડ કહ્યો છે.**

**'વિણ ખાધા, વિણ ભોગવ્યા ફોગટ કર્મ બંધાય !'**

જેમ કે, ક્રિકેટ, જુગાર વગેરે રમતો જોવી. તેમાં શરતો કરવી, ખુદે રમવા જવું, આમાં આત્માનું ક્યાંય હિત થતું નથી. સાવ તુચ્છ આનંદ કદાચ મળતો પણ હોય તેની સામે કર્મબંધ, પૈસાનો વેડફાટ તથા ક્યારેક મોતનો પયગામ બને છે. વળી તેટલો સમય સારા-હિતકારી કાર્યો કરવાનો ચાન્સ ચૂકી જવાય છે. જે સમય આત્માનું હિત કરી શક્તું હતું તે સમય તમે સાવ ફાલતું ચીજોમાં વેડફી નાંખ્યો.

(રત્નાકર-પચ્ચીસી)

**મેં પરભવે કે આ ભવે પણ, હિત કાંઈ કર્યું નહીં,**
**તેથી કરી સંસારમાં, સુખ અલ્પ પણ પામ્યો નહીં.**
**જન્મો અમારા જિનજી, ભવ પૂર્ણ કરવાને થયા,**
**આવેલ બાજી હાથમાં, અજ્ઞાનથી હારી ગયા. ૬**
**હું શુદ્ધ આચારો વડે, સાધુ હૃદયમાં નવ રહ્યો,**
**કરી કામ પર ઉપકારના, યશ પણ ઉપાર્જન નવ કર્યો,**
**વળી તીર્થના ઉદ્ધાર આદિ, કોઈ કાર્યો નવ કર્યા,**
**ફોગટ અરે ! આ લક્ષ ચોરાશી તણા ફેરા ફર્યા. ૨૧**

આમ સંસારની પ્રવૃત્તિમાં જે બિનજરૂરી છે તે તો છોડવી જ જોઈએ. હવે જે સંસાર ચલાવવા જરૂરી છે તેમાં પણ જયણાપૂર્વક અને કર્તવ્ય જાણી, ઔચિત્યપૂર્વક કરવાથી, સાથે ધર્મને બાધા ન આવવા પૂર્વક કરવાથી ગૃહસ્થપણું શોભે છે.

આત્મહિતકર પ્રવૃત્તિને વધારતા જવાથી અહિતકર પ્રવૃત્તિથી પડેલાં બીજો નાબૂદ થાય છે. જેમ જેમ સંવર વધે છે તેમ તેમ કર્મબંધ ઘટતો જાય છે. સમયનો સદુપયોગ ધર્મક્રિયાઓમાં જોડાવાથી થાય છે. તમામ ધર્મક્રિયાઓ મોટાભાગે સંવરરૂપ છે. જ્યારે તમે કોઈપણ ધર્મક્રિયા કરી રહ્યા હોવ છો ત્યારે તમારો ભાવ શુભ અથવા શુદ્ધ હોય છે. તેટલો સમય નવા અશુભ કર્મો બંધાતા અટકે છે અને શુભ કર્મોનો બંધ થયા કરે છે.

ઘણા શ્રાવક-શ્રાવિકાઓ જોયા છે કે, ઘરકામમાંથી જરાક ફ્રી થાય એટલે તરત જ સામાયિક લઈ બેસી જાય. અરે ! દુકાનમાં રહેલા જરાક ફ્રી પડે એટલે ધાર્મિક પુસ્તક વાંચવા બેસી જાય. અત્યારે મોબાઈલ આવ્યા પછી આવા સામેથી મળતાં શુભયોગનો સંયોગ ખતમ થઈ ગયો. માણસ જરા ફ્રી પડે એટલે હાથમાં મોબાઈલ લઈ બેસી જાય છે. અહીં અમારે કોને સંવરની વાત કરવી ?



આ રીતે સંવરનું કર્તવ્ય બતાવ્યું. એક રીતે ઉપશમ તે 'દર્શન' (સમ્યગ્દર્શન) છે. જ્યારે વિવેક 'સમ્યગ્જ્ઞાન' છે. સંવર 'સમ્યગ્ચારિત્ર' છે. આ રીતે રત્નત્રયી આ ત્રિપદીમાં ઘટી શકે છે. ધર્મના સર્વ અંગો ઉપશમ-વિવેક અને સંવરમાં સમાઈ શકે છે.

**ઉપસંહાર** : છવ્વીસમાં આ કર્તવ્યમાં ઉપશમ કરવાની વાત છે. જે કષાયોના ઉપશમથી આવે છે. આ ઉપશમ અંતરમાં વિવેકને ઉત્પન્ન કરે છે. વિવેક તે ત્રીજી આંખ છે. જે ૪થા અવિરતિ સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાને સારી

અનુસંધાન પાના નં. ૯ ઉપરથી

રીતે અનુભવાય છે. વિવેક વિના માણસને અંધ કહ્યો છે. જેમ જ્ઞાન વિના માણસ અંધ છે કે પશુ સમાન છે, તેમ વિવેક વિના પશુ તુલ્ય છે. કટોકટીમાં વિવેક ત્યારે આવે છે જ્યારે અંતરમાં ઉપશમભાવ પડ્યો હોય. વિવેક આવતાં જ સંવરની તક ઊભી થાય છે. વિવેક સંવરને લઈ આવે છે. આ સંવર મોક્ષને નજીક લાવે છે. (અહીં ૨૬-૨૭-૨૮ કર્તવ્ય પૂરા થયા.)

વિવેક તે શુદ્ધભાવ છે. વિવેકથી ભોગસુખોમાં આસક્તિ ન હોય. વિવેકથી ચિત્ત ધર્મમાં રહે ભલે પ્રવૃત્તિ સંસારની હોય! શુદ્ધભાવથી મળતો વિવેક પણ શુદ્ધ હોય છે. અશુદ્ધધર્મથી મળતાં પુણ્ય સાથે મિથ્યાત્વમોહ પણ નિયમ બંધાય છે અને આ મિથ્યાત્વમોહ જીવને વિવેક રહિત બનાવે છે. જેથી પાપ બંધાય છે. (ઉપદેશપદ) જેમાં આત્મહિત હોય, કર્મક્ષય હોય, મોક્ષપ્રાપ્તિનો સાક્ષાત્ કે પરંપરાએ પણ આશય હોય તે બધો શુદ્ધભાવ છે.

તે દિવસ મારો સુંદર હતો જ્યારે હું જન્મ્યો. પરંતુ તે દિવસ મારો અતિસુંદર હશે જે દિવસે મને સમજાશે કે, હું શા માટે જન્મ્યો? આ વિવેક!

## તાત્ત્વિક સુખ કેમ અનુભવાતું નથી ?

કારણ, જીવનમાં આવતી વિષયોની અનુકૂળતા ભોગવવાથી ચિત્તમાં વિકારો ઉત્પન્ન થાય છે. તેથી ચિત્ત મલિન થાય છે.

બીજું,

જ્યારે પ્રતિકૂળતા આવે ત્યારે જીવને સહન કરવાનો અભ્યાસ ન હોવાથી ચિત્તમાં અરુચિ ઉત્પન્ન થાય છે અને તેથી ચિત્ત અસ્થિર બને છે. આમાંથી આત્માને બચાવવો કેમ? તેનું ચિંતન કરવું.

આ બન્ને અનુકૂળ-પ્રતિકુળ સંજોગોમાં ચિત્તને નિર્મલ રાખવાનો પ્રયત્ન કરવો. તે માટે ભવ સ્વરુપનું ચિંતન કરવું. આત્માની ચિંતા કરવી, ઉપાયો શોધી ચિત્ત શોધન કરવું - સફળતા અચૂક મળશે.

**સે અજ્ઝત્થં જાણઇ, એયં તુલમન્નેસિં ॥**

આતંગદર્શી એટલે શરીર અને મન સંબંધી કષ્ટો, દુઃખને જોનાર (વ્યક્તિ) વાયુકાયનો સમારંભ (એટલે સ્થાવરકાય જીવોની હિંસા કરે તે) અહિતકર છે તેમ જાણે છે તે ખરેખર આત્માને જુએ છે. તે જ બહાર પણ જુએ છે.

ટીકામાં લખ્યું, "આત્માનમધિકૃત્ય યદ્વર્તતે તદધ્યાત્મં, તચ્ચ સુખ–દુઃખાદિ તદ્યો જાનાતિ।" વગેરે.

ટૂંકમાં, જે વ્યક્તિ આત્માને આગળ કરીને જીવનમાં વર્તે છે. તે અધ્યાત્મ છે. એટલે કે, મને જેમ આત્માને અનુકૂળ પ્રવૃત્તિથી સુખ અને પ્રતિકુળ પ્રવૃત્તિથી દુઃખ થાય છે. તેમ બીજા જીવને પણ થાય છે. આવો વ્યક્તિ **આતંગદર્શી** કહેવાય છે. આવાને 'અધ્યાત્મને જાણે છે' એવું કહેવાય. જેથી આવો વ્યક્તિ ક્યારે પણ સ્થાવર કે ત્રસ જીવોને પીડા થાય તેવું વર્તન કરતો નથી. એટલે કહ્યું, 'તે બહારના પ્રાણીને પણ જાણે છે.'

મને જે દુઃખ આવે છે તે કટુક અશાતા વેદનીય કર્મના ઉદયથી આવે છે તે આવા વ્યક્તિને અનુભવ સિદ્ધ હોય છે. તે રીતે મારા આત્મામાં શુભકર્મના ઉદયથી સુખ આવે છે તે પણ અનુભવ સિદ્ધ છે. એટલે મારા જીવનમાં આવતા સુખ-દુઃખ એ મારા જ (બાંધેલા) કર્મોનું ફળ છે. એમ જે જાણે છે તે ખરો અધ્યાત્મને જાણે છે. એ પ્રમાણે અધ્યાત્મવેદી છે અને તેથી બીજા જીવોના દુઃખને પણ જાણતો હોવાથી બીજા જીવોને પીડા આપતો નથી.

જેમ સુખ-દુઃખનું સંવેદન પોતાને સાક્ષાત્ થાય છે, તેના આધારે બીજાનું પણ અનુમાન કરે છે. બીજાના જીવને પોતાના જેવો જ જીવ માને છે. તેવી આત્મદશા અધ્યાત્મ છે. એટલે સૂત્રમાં લખ્યું, 'તુલમન્નેસિં' બન્નેને સમાન રીતે તોલે છે. (સમજે છે.)

આ સૂત્રમાં વાયુકાયની વિરાધના ન કરવાની વાત ચાલે છે માટે વાયુકાય લખ્યું, તે રીતે બધા જ જીવો લેવા. તેઓને થતા સુખ-દુઃખ અને આપણને થતા સુખ-દુઃખ તુલ્ય છે. સમાન જાણે છે.

ક્રમશઃ

# ધ્યાનની ભૂમિકા

ગુરુદેવ ! આ અધ્યાત્મની ભૂમિકા શું છે ? તેના વિના ધ્યાન ન થાય ?

થાય અને ન થાય !

પ્રશ્ન : એટલે ?

જો ભૂમિકા વિના જ ધ્યાન કરો તો તે તમારા જીવનમાંથી અશાંતિ, ક્લેશ, આંશિક કષાયો દૂર કરી શકે. તમને અપૂર્વ આનંદનો કદાચ આસ્વાદ પણ કરાવી શકે પરંતુ વાસ્તવિક આનંદની પ્રાપ્તિ તો ન જ કરાવી શકે.

ગુરુદેવ ! પ્લીઝ મને ધ્યાન અને અધ્યાત્મની ભૂમિકા બાબતે થોડું માર્ગદર્શન આપોને.




સાંભળ, જૈનશાસ્ત્રોમાં ધ્યાન ચાર પ્રકારના કહ્યા છે. તને ખબર જ હશે. (૧) આર્તધ્યાન (૨) રૌદ્રધ્યાન (૩) ધર્મધ્યાન અને (૪) શુક્લધ્યાન !

તેમાં ધર્મધ્યાન અને શુક્લધ્યાનના વિષયમાં શું પ્રવૃત્તિ કરવી અને શું નિવૃત્તિ કરવી, કેવા વાતાવરણમાં આ ધ્યાન થાય ? એકાંતમાં થાય કે ગમે ત્યાં થાય ! વગેરે વાતો આવે છે. પરંતુ આર્તધ્યાન અને રૌદ્રધ્યાન માટે આવી કોઈ વાતો આવતી નથી.

અર્થાત્ આર્ત-રૌદ્ર ધ્યાન થવા જીવને સાહજીક છે. કારણ અનાદિકાળથી તેનો અભ્યાસ ઘણો છે. તે ગમે ત્યાં, ગમે ત્યારે, અને ગમે તે ચીજ કે જીવ માટે થઈ શકે છે. આ બન્ને ધ્યાન અશુભ કહ્યા છે અને તે ધ્યાનના આવેશમાં-તીવ્રતામાં તિર્યંચ અને નરકગતિનો આયુષ્યબંધ થાય છે.

જીવની ચાલ અનાદિકાળથી ઊંધી જ છે. સારીવાતો પણ સ્વભાવગત નથી એટલે તે વાતો જલદી મગજમાં રમવા લાગતી નથી. જ્યારે ખરાબ વાતો સ્વભાવગત છે એટલે તરત જ મગજમાં રમવા લાગે છે.

કોઈને મારવાની, મારી નાંખવાની બુદ્ધિ તરત આવી શકે છે. પણ કોઈપણ જાતના દુઃખ વિના અનશન કરવાનું કોઈને સૂઝે ખરું ? સારા-સ્વસ્થ માણસે અનશન લીધું આવું કેટલું સાંભળવા મળે ?

**ધ્યાન માટે ધર્મ પ્રવૃત્તિ અને અધર્મ નિવૃત્તિ જરૂરી :**

જેને આપણે સ્વભાવ કહીએ છીએ તે હકીકતમાં તો વિભાવ છે. જેમ કે, ફલાણાનો સ્વભાવ જ ક્રોધી છે. ગુસ્સાવાળો છે. આ વાક્યમાં 'ક્રોધ' કે ગુસ્સો તે આત્માનો સ્વભાવ નથી, સ્વભાવ તો 'ક્ષમા'નો ગુણ છે. દોષ એ તો વિભાવ છે. ગુસ્સો દોષ છે. છતાં આમ જ બોલાય છે.

ધર્મધ્યાન માણસને જલદી આવતું નથી કારણ કે, અનાદિથી સ્વભાવ અશુભ ધ્યાનનો જ તૈયાર થયેલો છે. અવળા સંસ્કારો જ વધારે છે. સવળા ઓછા છે. એટલે મનના સ્ક્રિન ઉપર વારંવાર દુર્ધ્યાન જ આવ્યા કરે છે. અશુભ વિચારો જ આવ્યા કરે છે.

પ્રશ્ન : તો આ ઊંધી ચાલને બદલવી શી રીતે ?

બસ, એ જ વાત છે ! તે બદલાય છે. વારંવાર, સતત ધર્મના આલંબનથી, ધર્મ એટલે શુભ વાણી, શુભ વિચાર અને શુભ પ્રવૃત્તિથી ! ધર્મનું આલંબન વારંવાર લઈને ધ્યાન સ્વભાવગત કરવાનું છે.

પ્રશ્ન : શું અનંતકાળની અશુભ કરણી બદલીને થોડા કાળમાં સવળી કરી શકાય ?

જવાબ બે છે, હા અને ના ?

અનંતકાળની પણ અશુભ કરણીથી તૈયાર થયેલો સ્વભાવ અધ્યાત્મપૂર્વક જો ધર્મપ્રવૃત્તિ અને અધર્મ નિવૃત્તિનું ચક્ર ચલાવાય તો પ્રાયઃ કરી રીઝલ્ટ આવી શકે છે.

'ના' એટલા માટે કે, જે ધર્મ પ્રવૃત્તિ કે નિવૃત્તિમાં આત્માનું જ લક્ષ્ય ન હોય. (આત્મહિતની ભાવના કે જિનવચનોમાં સાચી શ્રદ્ધા ન હોય.) તો માત્ર ધર્મ રીઝલ્ટ નથી આપી શક્તો.

**પ્રશ્ન : અધ્યાત્મપૂર્વક એટલે શું ?**

આત્માના લક્ષ્યપૂર્વક જે ધર્મપ્રવૃત્તિ કરાય તે સ્થૂળથી અધ્યાત્મ કહેવાય છે.

ઉપરોક્ત આત્માના લક્ષ્ય પૂર્વકની પ્રવૃત્તિ આત્મામાં અધ્યાત્મ લાવે છે. આ ધ્યાનની ભૂમિકા છે.

આવી વારંવાર થતી ધર્મપ્રવૃત્તિ આત્મામાં સંસ્કારો પાડે છે. અશુભ સંસ્કારો રબાઉટ થતા જાય છે. તેનાથી ધ્યાન સ્વભાવગત થતું જાય છે.

ઈતિહાસના પાને લખાયેલ પૃથ્વીચંદ્રને રાજ સિંહાસન ઉપર અને ગુણસાગરને ચોરીમાં ધ્યાન લાગી ગયું. વિચારો ! રાગનું પ્રબળ નિમિત્ત સામે છે, વિલાસી વાતાવરણ, લગ્નના ગીતોની વચ્ચે, રાગનો લોભામણો પ્રસંગ છતાં આ બધાની વચ્ચે ગુણસાગરને વૈરાગ્યનો દીવડો કેવી રીતે પ્રગટ્યો ?

રાગના તોફાની માહોલમાં તેમને વૈરાગ્ય તરફ ખેંચી જનારા શુભ વિચારો કેવી રીતે આવ્યા ? કહો, કે આ કામ સંસ્કારો કરે છે. તીવ્ર સંસ્કારો એ તમને ગમે ત્યારે એવા વિચારોમાં ખેંચી જાય છે. શુભની જેમ અશુભની બાબતમાં પણ આ કાયદો સમજવો. અશુભની તીવ્ર પરિણતિ ૭મી નરક સુધી ખેંચી જાય છે. મમ્મણની જેમ અશુભ સંસ્કારો અશુભમાં ખેંચી જાય !



વિચારોની હારમાળા, વિચારોનું સાતત્ય, વિચારોનો વંટોળીયો એ પ્રથમ ભૂમિકા છે.

**પ્રશ્ન : પણ, આવી વિચારોની હારમાળા કેવી રીતે સર્જાય ?**

હા, તે ચીજ પ્રત્યેની આદરની પરાકાષ્ટાથી આવે છે. તે પછી ધર્મનો વિષય હોય કે અધર્મ નો !

**સતત ભાવની પ્રધાનતા :**

સતત ખાવાના વિચારો, ખાવાના ભાવો તે અશુભ ધ્યાન છે. સતત તપનો ભાવ, તપના વિચારો તે શુભ ધ્યાન છે. તપસ્વીને સતત તપના વિચારો ચાલતા હોય છે. એક તપ પૂરો થવા આવે તે પહેલાં હવે નવો તપ કયો કરવો, ક્યારે ચાલુ કરવો તેની વિચારણા ચાલતી હોય છે. સાધુ હોય તો, ગુરુ હા પાડે એ માટે ગુરુનો મૂડ જોઈને હળવેથી સેવા કરતાં કરતાં પ્રસ્તાવ મૂકે, કે ગુરુદેવ ! હું પણ સિદ્ધિતપ કરું ? આપની કૃપાથી બધું સારી રીતે થઈ જશે અને ગુરુ હા પાડે એટલે તેના મનમાં મહોત્સવના તોરણ બંધાવા લાગે છે. ખાવાના વિચારો ચાલતા હોય તેને શું તપસ્વી કહેવાય ?

સેવા-ભક્તિ કરનારના મનમાં સતત તેના વિચારો ચાલતા હોય એટલું જ નહીં મને કોની સેવા મળે તેનો ચાન્સ શોધતો હોય છે. આ વિચારો તેને શુભધ્યાનમાં લઈ જાય છે.

આ વખતે ચાર ભાણીયા મામા મહારાજથી જુદું ચાતુર્માસ કરવા ગયા છે. ચાતુર્માસ પૂરું થતાં મામા મહારાજને વંદન કરવાની ખૂબ ઈચ્છા થઈ. વિહાર કરી ગામમાં પ્રવેશતાં સંધ્યા ઢળી ગઈ, સીમાડે દેવળમાં રોકાયા. સવાર પડેને મામાના ચરણોમાં પડીયે. મામા મળશે ! વિચારોનું સાતત્ય વધ્યું. શુભધ્યાન શુક્લધ્યાનમાં પલટાવા લાગ્યું. ધ્યાનમાં ચડ્યા. જેમ જેમ વંદન કરવાના કાર્ય ઉપર આદર વધતો ગયો તેમ તેમ વિચારો ગાઢ બન્યા અને કેવલજ્ઞાન પ્રગટી ગયું. આ છે આદરની કમાલ.

પહેલી ભૂમિકા છે વિચારો, પ્રભુની અવસ્થાનું ભાવન, ભાવનાઓનું ભાવન, પ્રભુના વિચારો પ્રભુમય કરે છે.

'અધ્યાત્મ'ની બાબતમાં પરમપાવન શ્રી આચારાંગ સૂત્રજીમાં ૫૭ મા સૂત્રમાં લખ્યું,

**આયકદંસી અહિયંતિ ણચ્ચા, જે અજ્ઝત્થં જાણઇ,**
**સે બહિયા જાણઇ, જે બહિયા જાણઇ,**

અનુસંધાન પાના નં. ૬ ઉપર

# ચાલો જીવન-પલટીએ...

આ. હેમરત્નસૂરિ

ધર્મ આરાધના કે ધ્યાન-સાધના કે પૂજા-પાઠની વાત આવે તો આજનો માણસ નો-ટાઈમ કહીને ઊભો રહી જાય છે. પરમાત્માનાં દર્શન, પૂજા કે પ્રવચનશ્રવણ માટે જેને ટાઈમ નથી મળતો એ રસ્તે ઊભો રહી કલાકો સુધી બોફોર્સ, બુશ, સદ્દામ. અનામત, અયોધ્યા કે કાશ્મીર પંજાબની વાતો કરી શકે છે. ટી.વી. સામે બેસીને કલાકો સુધી સીરીયલો જોઈ શકે છે. ફોન પર ફ્રેન્ડ સાથે કલાકો સુધી ટૉક કરી શકે છે.

આ બધી બાબતોમાં વપરાતો સમય બચાવીએ તો દિવસ દરમિયાન કેટલો બધો સમય સાધના માટે ફાળવી શકીએ ! બસ કે ટ્રેનની મુસાફરીમાં, સ્કૂટરમાં કે ગાડીની સવારીમાં મંઝીલ સુધી ન પહોંચાય ત્યાં સુધી સીટ પર બેઠા બેઠા મનમાં નમસ્કાર મહામંત્રનું સ્મરણ થઈ શકે છે.

**ઓફિસમાં કે સર્વિસમાં વચ્ચે ૨-૪ મિનિટનો ગેપ મળે ત્યારે મનમાં "શિવમસ્તુ"ની ભાવના ભાવી શકાય છે. સિરીયલો જોવામાં જે સમય બગાડો છો તે સમય સામાયિક લઈને સમતાની સાધના કરી શકાય છે.**

બ્રશ, સ્નાન, હેરસ્ટાઈલ અને કપડાં પછવાડે જે સમય બગાડો છો તે બચાવીને પરમાત્માની પૂજાનો લાભ લઈ શકાય છે.

રાત્રે મોડે સુધી ઉજાગરા ન કરવાને બદલે સમયસર સૂઈ જઈને સવારે વહેલા ઊઠીને નમસ્કાર મહામંત્રના જાપ - ધ્યાનમાં બેસી શકાય છે.

રવિવારના દિવસે ફાઈવસ્ટાર હૉટલો, ચોપાટીઓ, હેલ્થ ક્લબોમાં ભટકવાને બદલે પાંજરાપોળમાં જઈ શકાય છે. માંદા પશુઓની માવજત કરી શકાય છે. વૃદ્ધાશ્રમો કે અનાથાશ્રમોમાં જઈને સેવાકાર્ય કરી શકાય છે. નજીકની કોઈ એકાંત તીર્થભૂમિમાં જઈને કલાકો સુધી પરમાત્મા સાથે પેટ ભરીને વાતો કરી શકાય છે.

વેકેશનમાં હોંગકોંગ, કુલુ-મનાલી, માથેરાન, મહાબળેશ્વર કે ઊટીમાં જવાને બદલે દૂરદૂરનાં પછાત વિસ્તારોમાં જઈને ધર્મપ્રચારનું કે રાહતનું કાર્ય કરી શકાય છે. કોક સદ્ગુરુની પાસે જઈ સૂત્રાભ્યાસ કે અધ્યાત્મજ્ઞાન મેળવી શકાય.

ઘણો બધો સમય માણસ પાસે છે. ઉપયોગ કરવાની ઈચ્છા અને આવડત જોઈએ.

સાઠ-સિત્તર વર્ષની ટચુકડી જિંદગીમાં પણ જેટલું કરવું હોય તેટલું કરી શકાય છે. સવાલ છે જાગવાનો, જાણવાનો અને સમજવાનો. જેટલું વહેલું જગાય તેટલું સારું છે. જાગવામાં ઘણું મોડું થઈ ગયું છે. દા'ડો ઉગી ગયો છે. પહોર ચઢી ગયો છે. નળીયા સોનાના થઈ ગયા છે. પણ સબૂર ! સૂર્યાસ્ત થયો નથી. અબ્બીહાલ જાગીને કામે લાગી જશો તોય વાંધો નહિ આવે. ઊંઘનારને જગાડવા કેટલાય કાવ્ય રચાયા છે.

**ઉઠ જાગ મુસાફિર, અબ રૈન કહાં હૈ !**
**જો જાગત હૈ, સો પાવત હૈ !**
**મનવા ભોર ભયો ઉઠ જાગો !**

જગતની ગતિ ન્યારી છે. ચિત્ર-વિચિત્ર પિક્ચરોથી ભરેલી છે. આ દુનિયામાં કેટલાક એવા છે જેમને સૂવા માટે ઉંઘની ગોળીઓ લેવી પડે છે. કેટલાંક એવા પણ છે, જેમને જગાડવા સતત ઉપદેશ આપવો પડે છે. કેટલાંક એવા છે, કે જેમને સમય ક્યાં કાઢવો તેની ચિંતા છે. કેટલાંક એવા છે, કે જેમને સમય ક્યાંથી કાઢવો તેની ચિંતા છે. કેટલાક એવા છે, કે પૈસા ક્યાંથી લાવવા તેની વ્યથામાં છે.

ત્યારે કેટલાંકને પૈસા નાખવા ક્યાં તેની ચિંતામાં બ્લડપ્રેશર વધી જાય છે. કેટલાંકને પેટનો ખાડો ભરવા ભીખ માંગવી પડે છે. તો કેટલાંકને પૈસો ઉડાડવા ક્લબો, કોલગર્લ, કેબરેનાં સરનામા શોધવા પડે છે.

એક લેખકે સાચું જ કહ્યું છે, કે

**અડધી દુનિયા ભૂખે મરી જાય છે. ત્યારે બાકીની અડધી દુનિયા વધારે ખાઈ-ખાઈને મરી રહી છે. કેટલાય હાડપિંજરો અપોષણથી મરી રહ્યા છે. ત્યારે કેટલાંય માણસો ભારે શરીર અને વધુ પડતી ચરબીનાં કારણે મરી રહ્યાં છે.**

આ બધી વિષમતાઓને નજરમાં લઈ માણસે નવા વર્ષથી જીવનનું લોકલ સિડ્યુઅલ જરીક બદલવું જોઈએ. આ વર્ષે જીવનમાં કંઈક નવિનતા, આધ્યાત્મિક્તા, ધાર્મિક્તા, ઋજુતા અને સરળતા લાવવી જોઈએ. આદતો, વક્રતાઓ, વ્યસનો, આડાઈઓ ને ઉદ્ધત્તાઈઓ જરીક ઓછી થવી જોઈએ. જેમ-જેમ વર્ષો વીતતાં જાય તેમ-તેમ માણસે સુધરતા જવું જોઈએ. દાડો ઉગે અને માણસ બગડતો જાય તો એ દાડો ઉગ્યો ન

કહેવાય પણ દાંડો ઉઠ્યો કહેવાય ! નવું વર્ષ બેઠું ન કહેવાય પણ દશા બેઠી છે એમ કહેવાય.

સમય આવે દુનિયામાં બધું બદલાય છે. ઋતુચક્રના ફેરફારની સાથે વનસ્પતિઓમાં ફેરફાર થાય છે. પાનખર આવે છે ત્યારે વૃક્ષો શરીર પરથી પર્ણોનો શણગાર ત્યજી દે છે. એકેક પાંદડીને હેઠે પાડી દે છે પણ વસંત આવે ત્યારે વૃક્ષો પાછાં લીલાછમ પાંદડાઓને પહેરવા મંડે છે. આખો દેદાર બદલી નાંખે છે. રાહદારી માટે છાંયો પાથરતાં વૃક્ષો અદનાં સેવક બની ઊભાં રહી જાય છે. ગ્રીષ્મ આવે છે ત્યારે આમ્રવૃક્ષો આમ્રફળોથી લચી પડે છે, નમી પડે છે અને મીઠાં મધુરાં ફળોની લ્હાણી કરે છે. ચારેકોર વહેંચે છે. સહુને રાજી કરે છે.

માણસનો જ્યારે સમય બદલાય છે ત્યારે પણ તેનો સ્વભાવ બદલાતો નથી. સુખમાંથી દુઃખ આવે ત્યારે પણ સ્વભાવ બદલાવો જોઈએ અને જે મળે તેમાં ચલાવતાં શીખવું જોઈએ. જ્યારે દુઃખ ચાલ્યું જાય અને સુખનાં પગલાં થાય ત્યારે ઉદાર બનવું જોઈએ. એમને સુખને ચારેકોર વહેંચવું જોઈએ.

માણસને જ્યારે સુખ મળે અને પૈસાનું ઝાડ ફાલીફૂલીને લચી પડે ત્યારે તે પોળમાંથી સોસાયટીઓમાં અને સોસાયટીમાંથી ફાર્મહાઉસમાં ભાગી જાય છે. લચેલો આંબો તિજોરીમાં સંતાડી દે છે. બારણા બંધ કરીને એકલો છાનામાનાં કેરીઓ ચૂસવાની નફ્ફટ ચેષ્ટા કરે છે. બંગલાના ઝાંપા પર ડાઘિયા કૂતરાના ડાચાવાળું બોર્ડ મારીને નીચે લખે છે 'બીવેર ઑફ ડૉગ'.

આ ધંધા માણસને શોભતા નથી. એક દિ' દુઃખીદશા હતી. રોટલાના ફાંફા હતા. ગાર-માટીનું ઘર હતું. છાણથી લીપેલું આંગણું હતું અને સવારથી સાંજ સુધીમાં ભિખારી, યાચક, બ્રાહ્મણ, ભરથરી, સાધુ, દીન દુઃખીયાથી માંડીને કાળિયાં કૂતરાં સુદ્ધા આંગણે આવતાં અને શક્તિ મુજબ દુઃખી સ્થિતિમાં પણ દાન દેવાતું. કોઈને પાછો કાઢવામાં આવતા ન હતા. ઘરની થાંભલી પર 'બીવેર ઑફ ડૉગ'નું કોઈ પાટીયું મારવામાં આવતું નહિ. સદૈવ ઘરમાં દ્વાર ઉઘાડાં રહેતા અને દાન દેવાતાં. એના પ્રતાપે પુણ્ય બંધાયું, સુખ વધ્યું અને ન ધારેલો પૈસો માણસના હાથમાં આવ્યો અને માનવીએ મૂર્ખામી કરી બંગલો લીધો. બાઉન્ડ્રીવૉલ બનાવી આંગણું કબજે કરી લીધું. દરવાજા બંધ કરીને સહુને આવતાં બંધ કર્યાં. ભૂલે ચૂકે કોઈ પગના મૂકે તે માટે 'બીવેર ઑફ ડૉગ'ના પાટીયાં માર્યા.

એક ધનપતિ કુબેરનું બેંસણું હતું. છાપામાં જાહેરાત આપેલી. સમય આપેલો. સરનામું આપેલું. બધી તૈયારી કરી રાખેલી, પણ કોઈ આવ્યું જ નહિ. સગાવહાલાંને, સહુને ફોન કરીને પૂછ્યું કે કેમ હજુ આવ્યા નથી ? સહુએ કહ્યું, ભાઈ ! અમે તો આવીને પાછા ગયા. બહાર પાટીયું જોયું. બીવેર ઑફ ડૉગ ! જોઈને જ ભાગી ગયા. હડકાયા કૂતરાનો ભરોસો કોણ કરે ? પાટીયું મૂકનાર તો પરલોક પહોંચી ગયો, પણ તેનું આ પાટીયું આલોકમાં હજુ સહુને ડરાવી રહ્યું હતું.

આવા પાટિયાં મૂક્તાં પહેલાં માણસે વિચારવું જોઈએ કે આપણે શું લઈને આવેલા ? આપણે શું લઈને જવાના ? આપણે એવું તે શું છે કે જે લૂંટાઈ જાય ? આલોકમાં ભેગું કર્યું છે. કોકનું લઈને (અથવા લૂંટીને) ભેગું કર્યું છે. આપણા પાસે હાલ જે છે તે એક દિવસ કોક બીજાની પાસે હતું. આજે આપણી પાસે છે અને આવતી કાલે પાછું કોકની પાસે હશે. થોડાક સમય માટે લક્ષ્મીજીએ આપણે ત્યાં વિસામો કર્યો એટલે આપણે એના માલિક થઈ ગયા નથી.

''સમય સમયની બલિહારી છે.'' એવું માણસ બોલે છે. ખરો પણ સમજતો નથી. દુઃખના દિવસોમાં એ ભાંગી પડે છે અને સુખના સમયમાં અક્કડ થઈ જાય છે. એવો અક્કડ થઈ જાય છે કે પછી એ ભગવાનને પણ નમી શક્તો નથી અને સદ્‌ગુરુને પણ મળી શક્તો નથી. સુખના દિવસોમાં જરી સાવધાન બનવું જોઈએ. મળેલા સુખના દેખાડા એવાં ન કરીએ કે જે બીજાને દઝાડે. દુઃખમાં એવા ભાંગી ન પડીએ કે જિંદગી હારી જઈએ. જે લોકો દુઃખ સામે ઝઝૂમે છે એમને માર્ગ જડી આવે છે. સુખદુઃખના દિવસોને જીરવતાં શીખવું જોઈએ. આપણા પોતાના અંગત દુઃખના વિચારોને ભૂલી જઈને પૃથ્વીતલ પર ઘણાં ભારે દુઃખોથી પીડાતાં લોકો છે, તેમના દુઃખ યાદ કરવાં જોઈએ. જેથી શક્ય એટલો પ્રયત્ન કરીને દુઃખ દૂર કરવા જોઈએ. જે માણસો પોતાનાં વિચારો છોડી દે છે તે જ મહાન્ કાર્યો કરી શકે છે.






માનસમંદિરમ્ તીર્થમાં પૂ.પંન્યાસશ્રી વજસેન વિ.મ.ના શિષ્ય પૂ.આ.વિ.હેમપ્રભસૂરીશ્વરજી મહારાજા આદિ ૩ આચાર્ય ભ.
તથા પૂ. પંન્યાસજી શ્રી ભદ્રંકર વિ.મહારાજાના શિષ્ય 'ત્યારે તમોને જેમણે જોયા હશે તે ધન્ય છે'
૨૧ સ્તુતિના રચયિતા વિદ્વદ્વર્ય મુનિશ્રી ધુરંધર વિ.મ. આદિ ઠાણાનું આગમન



RNI NO. : GUJGUJ/2006/16904 (Delhi) Publish & Posted 16th of every month at Ahd.PSO
Reg.No. : GAMC 988/2024-2026 Issued by SSP Valid up to 31-12-2026
Licence to Post with Prepayment LPWP Licence No. : PMG/NG/058/2024-2026 Valid up to 31-12-2026



માલિક : શ્રી અર્હદ્ ધર્મ પ્રભાવક ટ્રસ્ટ
૧૭, પ્રાર્થનાપીઠ, ઈલોરાપાર્ક, જૈન દેરાસર પાસે,
નારણપુરા ચાર રસ્તા, અમદાવાદ - ૩૮૦ ૦૧૩
ફોન : 079-27681317

તંત્રી-મુદ્રક-પ્રકાશક : કલ્પેશભાઈ વી. શાહ, અમદાવાદ
મુદ્રક : સર્વોદય ઓફસેટ, અમદાવાદ.

To,

SAMYAK - 98245 15514